# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1) **દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી 47 અને આમ આદમી પાર્ટી 23 બેઠક પર આગળ**

2) **અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા હાર્યા.. આતિષી જીત્યા**

3) **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું કે, ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ યુવાનો સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો**

4) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે.**

5) **ભારતીય કલા ઇતિહાસ કોંગ્રેસના 32મા સત્રનું આજે નોઈડામાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત ઉદ્ઘાટન કરશે**

..................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DELHI TRENDS

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં તમામ 70 બેઠકો માટેના વલણો સામે આવી રહ્યા છે. વલણોમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળતી દેખાઈ રહી છે. તેના ઉમેદવારો 46 બેઠકો પર આગળ છે. આમ આદમી પાર્ટી 22 બેઠકો પર આગળ છે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની નવી દિલ્હી બેઠક પરથી હાર થઈ છે. આ બેઠક પર ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્મા જીત્યા છે. કાલકાજી બેઠક પરથી આમઆદમી પાર્ટીના ઉમેદવાર અને દિલ્હીના મુખ્યમંત્રી આતિશી 2 હજાર આઠસોથી વધુ મતોથી પાછળ છે. આ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના રમેશ બિધુરી આગળ ચાલી રહ્યા છે. જંગપુરા બેઠક પરથી આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયાની પણ હાર થઈ છે.

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને વર્તમાન ધારાસભ્ય સૌરભ ભારદ્વાજ ગ્રેટર કૈલાશ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના શિખા રાય સામે હજારથી વધુ મતોથી પાછળ છે. માલવિયા નગર બેઠક પર, દિલ્હીના ભૂતપૂર્વ મંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સોમનાથ ભારતી ભારતીય જનતા પાર્ટીના સતીશ ઉપાધ્યાયથી પાંચ હજાર છસોથી વધુ મતોથી પાછળ છે.

# MANDAVIYA-BIMSTEC YOUTH SUMMIT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું કે, ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ યુવાનો સંચાલિત વિકાસની શક્તિનો વધુ એક પુરાવો છે. ગાંધીનગરમાં BIMSTEC યુવા સમિટ 2025નો આરંભ કરાવતા આ મુજબ જણાવ્યું. શ્રીમાંડવિયાએ ઉમેર્યું કે ભારત વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. આજે દેશમાં 1 લાખ 57 હજારથી વધુ રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સ છે, જેમાંથી 48 ટકામાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટરનો સમાવેશ થાય છે, જે સમૃદ્ધ અને સર્વસમાવેશક સ્ટાર્ટઅપને પ્રતિબિંબિત કરે છે. તેમણે ઉમેર્યું કે ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજીને સંકલિત કરીને આ પહેલ ભવિષ્ય માટે તૈયાર નેટવર્ક ઊભું કરશે. વર્ષ 2036ની ઓલિમ્પિક માટે ભારતની દાવેદારી BIMSTEC, સ્પોર્ટિંગ ઇકોસિસ્ટમને વધુ મજબૂત કરશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# MAHAKUMBH - FAMOUS PERSONALITIES

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહા કુંભ મેળો ચાલી રહ્યો છે અને અનેક અગ્રણી હસ્તીઓ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરી રહ્યા છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં 41 કરોડથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરી ચૂક્યા છે અને લાખો શ્રદ્ધાળુઓ હજુ પણ સંગમમાં આવી રહ્યા છે.

મકર સંક્રાંતિ, મૌની અમાવસ્યા અને વસંત પંચમીના રોજ મહાકુંભમાં ત્રણ અમૃત સ્નાન પછી પણ ભક્તોનો ઉત્સાહ અટલ છે. રાજકારણ, સિનેમા અને રમતગમત ક્ષેત્રની અગ્રણી હસ્તીઓ પણ પવિત્ર સ્નાન કરવા માટે આવી રહ્યા છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, બોલિવૂડ સેલિબ્રિટી અનુપમ ખેર, હેમા માલિની અને રાજકુમાર રાવ, ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રૈના, બોક્સિંગ ચેમ્પિયન વિજેન્દ્ર સિંહ અને મેરી કોમ જેવા પ્રખ્યાત રમતગમત હસ્તીઓ, બેડમિન્ટન સ્ટાર અને ઓલિમ્પિક મેડલ વિજેતા સાઇના નેહવાલ પણ પવિત્ર સંગમમાં પવિત્ર સ્નાન કરી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ સોમવારે ત્રિવેણી સંગમમાં પવિત્ર ધાર્મિક વિધિમાં ભાગ લેવા માટે પ્રયાગરાજની મુલાકાત લે તેવી શક્યતા છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલો મહાકુંભ ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. ભવ્ય કાર્યક્રમમાં હજુ ૧૮ દિવસ બાકી હોવાથી, પવિત્ર ડૂબકી લગાવનારા ભક્તોની સંખ્યા ૫૦ કરોડને વટાવી જાય તેવી શક્યતા છે.

# PM FRANCE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે. દરમિયાન શ્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથે પેરિસમાં કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. સમિટની સહ-અધ્યક્ષતા કરશે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી આ મહિનાની 12 અને 13 તારીખે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષી બેઠક કરવા અમેરિકાની પણ પ્રવાસે જશે.

(BYTE: ASHUTOSH KUMAR)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDIAN ART CONGRESS

ભારતીય કલા ઇતિહાસ કોંગ્રેસના 32મા સત્રનો આજથી નોઈડામાં પ્રારંભ થઈ રહ્યો છે. કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત ત્રણ દિવસીય કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

આ પરિષદનો ઉદ્દેશ મહાકાવ્યોના વિવિધ સ્વરૂપો પર ચર્ચા માટે એક મંચ પૂરું પાડવાનો છે. આ વર્ષના કાર્યક્રમનો વિષય છે. "કલા અને સંસ્કૃતિમાં ભારતીય મહાકાવ્યોનું યોગદાન". તેનો ઉદ્દેશ્ય મહાકાવ્યો પર આધારિત કલાત્મક અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપોને પ્રકાશિત કરવાનો છે.

# US -CITIZENSHIP

અમેરિકામાં વિઝા પર રહેતા અને ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે મોટી રાહત, સિએટલના એક ફેડરલ જજે જન્મજાત નાગરિકત્વને સમાપ્ત કરવાના અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરને અનિશ્ચિત સમય માટે રોકી દીધો છે.

ન્યાયાધીશે કહ્યું કે, જો સરકાર જન્મજાત નાગરિકતાના કાયદામાં ફેરફાર કરવા માંગતી હોય તો તેમણે બંધારણમાં જ સુધારો કરવો પડશે. આ પહેલા મેરીલેન્ડના એક ન્યાયાધીશે પણ આવો જ ચુકાદો આપ્યો હતો.

# INDIAN LANGUAGE DRAMA FESTIVAL

ભારતીય ભાષા નાટક મહોત્સવ 20 ફેબ્રુઆરીથી 2 માર્ચ દરમિયાન મુંબઈમાં યોજાશે. તેનું આયોજન અખિલ ભારતીય મરાઠી નાટ્ય પરિષદ દ્વારા કરવામાં આવશે.

આ મહોત્સવમાં બંગાળી, તમિલ, અંગ્રેજી અને મરાઠી ભાષામાં નાટકો રજૂ કરવામાં આવશે, જે કલાકારો અને નાટ્યપ્રેમીઓને વિવિધ નાટ્ય પરંપરાઓનું અન્વેષણ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.

આ પ્રદર્શન યશવંત નાટ્ય મંદિર, જયશ્રી અને જયંત સાલગાંવકર પ્રાયોગિક થિયેટર અને અન્નાભાઉ સાઠે નાટ્યગૃહમાં થશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતના વિવિધ પ્રદેશોના નાટ્યપ્રેમીઓને એકસાથે લાવવા અને નાટકો પ્રદર્શિત કરવાનો છે.

# RAPID CHESS GERMANY

2025 ફ્રીસ્ટાઇલ ચેસ ગ્રાન્ડ સ્લેમ પ્રતિયોગિતા આવતીકાલે જર્મનીના બાલ્ટિક કિનારે વેઇસેનહૌસેનમાં શરૂ થઈ છે.

પાંચમા રાઉન્ડ પછી, ફેબિયાનો કારુઆના સાડા ચાર પોઈન્ટ સાથે ટેબલમાં આગળ છે. જાવોખિર સિંદારોવ બીજા સ્થાને છે. ભારતીય ગ્રાન્ડ માસ્ટર ડી. ગુકેશ માત્ર 2 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે. હજુ 4 રાઉન્ડ રમવાના બાકી છે. ટોચના 8 ખેલાડીઓ નોકઆઉટ માટે ક્વોલિફાય થશે.

# INDIAN SUPER LEAGUE

ઇન્ડિયન સુપર લીગ ફૂટબોલમાં, હૈદરાબાદ એફસી આજે હૈદરાબાદમાં મોહમ્મદન એફસી સામે ટકરાશે. આ મેચ સાંજે 7 વાગ્યાથી રમાશે. અન્ય એક મેચમાં, ઈસ્ટ બંગાળ કોલકાતામાં સાંજે 7 વાગ્યે ચેન્નાઈયિન એફસી સામે ટકરાશે.

ગઈકાલે, મુંબઈ સિટી એફસીએ શિલોંગના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે નોર્થઈસ્ટ યુનાઇટેડ એફસીને 2-0 થી હરાવ્યું હતું.

# J&K-MONEY BILLS

જમ્મુ અને કાશ્મીરમાં, સરકારે વિભાગોને ઉપરાજ્યપાલના સચિવાલયમાં જરૂરી મંજૂરી માટે ઓછામાં ઓછા 21 દિવસ અગાઉ નાણાં બિલ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ન્યાય, કાયદો અને સંસદીય બાબતોના વિભાગે અંદાજપત્ર સત્ર પહેલા આ નિર્દેશ આપ્યો. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019 ની જોગવાઈ હેઠળ, કરવેરા, સરકારી નાણાકીય જવાબદારીઓ અથવા સંકલિત ભંડોળમાંથી ભંડોળના વિનિયોગ સંબંધિત કોઈપણ બિલ અથવા સુધારા માત્ર ઉપરાજ્યપાલની પૂર્વ મંજૂરી સાથે જ વિધાનસભામાં રજૂ કરી શકાય છે.

વિભાગે ભાર મૂક્યો હતો કે, ગૃહમાં રજૂ કરતા પહેલા કાયદાકીય દરખાસ્તોની સમયસર રજૂઆત અને કાનૂની ચકાસણી કરવાની જરૂર હોય છે. વિભાગે નાણાકીય કમિશનરો, મુખ્ય સચિવોને કાયદાકીય બાબતોનું સંચાલન અને વિધાનસભાના પ્રશ્નોના જવાબ આપતી વખતે નિર્ધારિત પ્રક્રિયાઓનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે.